**અગ્રતાક્રમ :** ૨૦

મહિલા અને બાળ વિકાસ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૪૬૪

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૦૭/૦૨/૨૦૨૪**

પંદરમી ગુજરાત વિધાનસભા : ચોથું સત્ર

**પ્રશ્ન: ભાવનગર જિલ્લામાં વ્હાલી દીકરી યોજના**

પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રી અને તેમનો મત વિસ્તાર:

**શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર પૂર્વ)**

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રશ્નો | જવાબ પાના નંબર |
|---|---|---|
| ૧ | **પ્રશ્ન** | 3 |
| ૨ | **પ્રશ્નનો જવાબ** | 3 |
| ૩.૧ | **પૂરક પ્રશ્ન –૧ ધારાસભ્યશ્રી – શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ)**<br>વહાલી દીકરી યોજનામાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, તેમાંથી કેટલી અરજી ના મંજૂર કરવામાં આવેલ. | 4 |
| ૩.૨ | **પૂરક પ્રશ્ન –૨ ધારાસભ્યશ્રી – શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા)**<br>વહાલી દીકરી યોજના ક્યારથી અમલમાં આવી ? તથા આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની પાત્રતા શું છે ? | 5 |
| ૩.૩ | **પૂરક પ્રશ્ન –૩ ધારાસભ્યશ્રી – શ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા)**<br>વહાલી દીકરી યોજનાનો લાભ લેવા અરજી ક્યાં કરવાની રહે છે? અરજી કરવાની સમયમર્યાદા શું છે? | 6 |
| | | |
| ૪.૧ | **પૂરક માહિતી**<br>વહાલી દીકરી યોજનાની ટુંકી વિગત. | 7 |
| ૪.૨ | **પૂરક માહિતી**<br>જિલ્લાવાઈઝ મંજુર લાભાર્થીઓની વિગત | 8 |

# 20

**ભાવનગર જિલ્લામાં વ્હાલી દીકરી યોજના**

★15/4/464: **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** (ભાવનગર પૂર્વ): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના ક્યારથી અમલમાં છે? | (૧) રાજ્ય સરકારની વ્હાલી દીકરી યોજના તા.૦૨/૦૮/૨૦૧૯થી અમલમાં છે. |
| (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં આ યોજના હેઠળ કુલ -૩૧૨૪ લાભાર્થીઓએ લાભ લીધેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી સહાય મંજુર કરવામાં આવી? | (૩) ઉક્ત સ્થિતિએ કુલ.₹ ૩૪,૩૬,૪૦,૦૦૦/- (ચોત્રીસ કરોડ છત્રીસ લાખ અને ચાલીશ હજાર)ની સહાય મંજૂર કરવામાં આવી. |

---------

**અગ્રતા ક્રમ- ૨૦ પૂરક પ્રશ્ન – ૧**

**પુછનાર ધારાસભ્યશ્રી : શ્રીમતી સેજલબેન પંડ્યા (ભાવનગર પૂર્વ)**

**પૂરક પ્રશ્ન – ૧ વહાલી દીકરી યોજનામાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી ? તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને ના મંજૂર કરવામાં આવી.?**

**જવાબ – માન.અધ્યક્ષશ્રી,**

વહાલી દીકરી યોજનામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં મળેલ, મંજૂર તથા ના મંજૂર અરજીઓની વિગત.

| **ક્રમ નં.** | **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની સંખ્યા** | **મંજુર અરજીઓની સંખ્યા** | **નામંજુર અરજીઓની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ભાવનગર સીટી | ૧૧૨૩ | ૧૧૨૦ | ૦૨ |
| ૨ | ભાવનગર ગ્રામ્ય | ૧૯૦ | ૧૯૦ | ૦૦ |
| ૩ | ઘોઘા | ૧૪૦ | ૧૪૦ | ૦૦ |
| ૪ | શિહોર | ૩૧૮ | ૩૧૫ | ૦૨ |
| ૫ | વલ્લભિપુર | ૯૮ | ૯૮ | ૦૦ |
| ૬ | ઉમરાળા | ૧૨૦ | ૧૨૦ | ૦૦ |
| ૭ | મહુવા | ૪૪૨ | ૪૩૭ | ૦૩ |
| ૮ | જેસર | ૯૦ | ૯૦ | ૦૦ |
| ૯ | પાલીતાણા | ૨૮૨ | ૨૮૦ | ૦૧ |
| ૧૦ | ગારીયાધાર | ૭૦ | ૭૦ | ૦૦ |
| ૧૧ | તળાજા | ૨૬૭ | ૨૬૪ | ૦૩ |
| **કુલ** | | **૩૧૪૦** | **૩૧૨૪** | **૧૧** |

| અગ્રતા ક્રમ- ૨૦ પૂરક પ્રશ્ન - ૨<br>પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી ભીખાભાઇ બારૈયા (પાલીતાણા) |
|---|
| **પૂરક પ્રશ્ન – ૨** વહાલી દીકરી યોજના ક્યારથી અમલમાં આવી ? તથા આ યોજનાનો લાભ મેળવવા માટે લાભાર્થીની પાત્રતા શું છે ? |

**જવાબ :**

**માન. અધ્યક્ષશ્રી,**

વહાલી દિકરી યોજના **તા.૦૨/૦૮/૨૦૧૯ થી અમલ**માં છે.

**વહાલી દિકરી યોજનાનો લાભ મેળવવા માટેની પાત્રતા –:**

- તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દિકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- દંપતિ ને પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે .
- દંપતિની વાર્ષિક આવક મર્યાદા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨,૦૦,૦૦૦/–( અંકે રૂપિયા બે લાખ પુરા )કે તેથી ઓછી હોવી જોઈએ.
- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ–૨૦૦૬ની જોગવાઈ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોઈ તેવા દંપતિઓના દીકરીઓને આ યોજના લાભ આપવામાં આવે છે .
- લાભાર્થી દિકરીના જન્મથી એક વર્ષની અંદર અરજી કરવાની રહે છે.

| અગ્રતા ક્રમ- ૨૦ પૂરક પ્રશ્ન -3 |
| --- |
| **પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી શિવાભાઇ ગોહિલ (મહુવા)** |
| **પૂરક પ્રશ્ન – ૩ વહાલી દીકરી યોજનાનો લાભ લેવા અરજી ક્યાં કરવાની રહે છે? અરજી કરવાની સમયમર્યાદા શું છે?** |
| **જવાબ - માન. અધ્યક્ષશ્રી,**<br>વહાલી દીકરી યોજના અંતર્ગત તા.૦૨/૦૮/૨૦૧૯ કે ત્યારબાદ જન્મેલ દીકરીને લાભ મળવાપાત્ર છે.<br>❖ વહાલી દીકરી યોજનાનો લાભ લેવા માટે સરકારશ્રીના ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે .જે અંગે નીચેની કચેરી ખાતે કરવાની રહે છે.<br>○ ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટર ખાતે,<br>○ તાલુકા કક્ષાએ મામલતદારની કચેરી તથા<br>○ જિલ્લા કક્ષાએ મહિલા અને બાળ અધિકારીની ખાતેથી અરજી કરી શકાય છે.<br>❖ **અરજી કરવાની સમય મર્યાદા–:**<br>વહાલી દીકરી યોજનાનો લાભ લેવા માટે દીકરી જન્મના એક વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહે છે . |

## અગ્રતા ક્રમ- ૨૦ પૂરક માહિતી

## વહાલી દીકરી યોજનાની ટુંકી વિગત

વહાલી દીકરી યોજના"

વહાલી દીકરી યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તા .૦૨/૦૮/૨૦૧૯ બાદ જન્મેલ દીકરીઓને અંકે કુલ રૂપિયા **૧,૧૦,૦૦૦ –/સહાય** આપવાનું આયોજન છે .

**વ્હાલી દીકરી યોજનાની મુખ્ય વિગતો નીચે મુજબ છે.**

**મળવાપાત્ર લાભ :**

૧. પ્રથમ હપ્તો –દીકરીઓને પ્રથમ ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૪૦૦૦ –/મળવાપાત્ર થશે

૨. બીજો હપ્તો –દીકરીઓના નવમાં ધોરણમાં પ્રવેશ વખતે રૂ.૬૦૦૦–/ની સહાય મળવાપાત્ર થશે .

૩. આખરી હપ્તો –દિકરીની ૧૮ વર્ષની ઉંમરે ઉચ્ચ શિક્ષણ/લગ્ન સહાય તરીકે કુલ ૧,૦૦,૦૦૦ –/ની સહાય મળવાપાત્ર થશે.

- તા.૦૨/૦૮/૨૦૧૯ના રોજ અને ત્યારબાદ જન્મેલ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.
- દંપતિ ને પ્રથમ ત્રણ સંતાનો પૈકીની તમામ દીકરીઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર થશે .
- દંપતિની વાર્ષિક આવક મર્યાદા શહેર અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૦૦૦૦૦/–

  ( અંકે રૂપિયા બે લાખ પુરા )કે તેથી ઓછી હોવી જોઈએ.
- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ–૨૦૦૬ની જોગવાઈ મુજબ પુખ્તવયે લગ્ન કરેલ હોઈ તેવા દંપતિઓના દીકરીઓને આ યોજના લાભ મળશે.

**ઉદ્દેશ**

- દીકરીઓનું જન્મ પ્રમાણ વધારવા
- દીકરીઓનું શિક્ષણમાં વધારો કરવો અને શિક્ષણ ડ્રોપઆઉટ રેશિયો ઘટવા
- દીકરીઓનું બાળલગ્ન અટકાવવા
- દીકરીઓ અને સ્ત્રીઓનું સમાજમાં સર્વાંગી સશક્તિકરણ કરવું
- દંપતી વધુ માહિતી માટે જે–તે જીલ્લાના મહિલા અને બાળ અધિકારીની કચરીનો સંપર્ક કરી શકે છે.

❖ આ યોજનામાં ફંડ મેનેજમેન્ટ એજન્સી તરીકે લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન)LIC)ને નિયત કરવામાં આવેલ છે તેમજ યોજનાના ફંડ સ્વરૂપે આજની સ્થિતિએ કુલ :૪૦૫.૯૪ કરોડ ચુકવી LIC ને કરી આપવામાં આવેલ છે .

❖ આ યોજના અંતર્ગત ડીસેમ્બર–૨૦૨૩ અંતિત રાજ્યમાં કુલ :૨,૧૯,૫૪૬ લાભાર્થીઓ મંજુર કરવામાં આવ્યા છે તેમજ યોજનાની જોગવાઈ મુજબ લાભાર્થીને ભવિષ્યમાં સહાયનું ચુકવણું કરવામાં આવશે .

**અગ્રતા ક્રમ- ૨૦ પૂરક માહિતી**

**વહાલી દિકરી યોજના જિલ્લાવાર મંજુર થયેલ લાભાર્થી (અંતિત ૨૩-ડિસે)**

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંજુર લાભાર્થી | ક્રમ | જિલ્લાનું નામ | કુલ મંજુર લાભાર્થી |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૧૮૧ | ૧૮ | ખેડા | ૩૫૪૧ |
| ૨ | આણંદ | ૬૧૬૯ | ૧૯ | મોરબી | ૪૨૨૬ |
| ૩ | અરવલ્લી | ૨૩૦૯ | ૨૦ | મહેસાણા | ૯૨૧૯ |
| ૪ | અમરેલી | ૧૧૧૭૩ | ૨૧ | મહિસાગર | ૨૨૬૯ |
| ૫ | ભાવનગર | ૧૬૧૧૩ | ૨૨ | નર્મદા | ૧૩૩૬ |
| ૬ | ભરૂચ | ૬૦૯૧ | ૨૩ | નવસારી | ૪૮૭૧ |
| ૭ | બનાસકાંઠા | ૬૧૭૨ | ૨૪ | પાટણ | ૪૫૦૧ |
| ૮ | બોટાદ | ૪૧૪૧ | ૨૫ | પોરબંદર | ૪૬૯૧ |
| ૯ | છોટાઉદેપુર | ૪૫૧૫ | ૨૬ | પંચમહાલ | ૨૭૦૦ |
| ૧૦ | દાહોદ | ૧૦૭૫ | ૨૭ | રાજકોટ | ૧૭૬૪૪ |
| ૧૧ | દેવભૂમિદ્વારકા | ૩૯૫૫ | ૨૮ | સાબરકાંઠા | ૩૬૦૦ |
| ૧૨ | ડાંગ | ૭૩૧ | ૨૯ | સુરત | ૧૮૩૦૬ |
| ૧૩ | ગાંધીનગર | ૩૮૩૨ | ૩૦ | સુરેંદ્રનગર | ૫૮૫૭ |
| ૧૪ | ગીરસોમનાથ | ૧૨૬૭૪ | ૩૧ | તાપી | ૨૦૨૩ |
| ૧૫ | જામનગર | ૮૮૮૧ | ૩૨ | વલસાડ | ૪૮૯૬ |
| ૧૬ | જૂનાગઢ | ૧૨૩૧૧ | ૩૩ | વડોદરા | ૮૯૮૧ |
| ૧૭ | કચ્છ | ૬૯૫૧ | **કુલ** | | **૨,૧૯,૫૪૬** |